INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૪-૦૯-૨૦૨૫**

- **GST કાપનો લાભ જનતાને મળવો જોઇએ, કંપનીઓને નહીં: કોંગ્રેસ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર મિત્રોના જી.એસ.ટી. સંબંધિત પ્રશ્નોનો જવાબ આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ કેબિનેટ મંત્રી ડૉ. જય નારાયણ વ્યાસે જણાવ્યું હતું કે, દેશના લોકસભાના વિપક્ષના નેતાશ્રી રાહુલ ગાંધી વારંવાર જી.એસ.ટી. રીફોર્મની વાત કરતા હતા અને જી.એસ.ટી.ને ગબ્બર સિંહ ટેક્ષ તરીકે સંબોધીને પ્રજાની લાગણીને વાંચા આપતા હતા. સરકારે મજબુરીમાં પણ વિપક્ષની માંગણીને અને જનતાની લાગણીને ધ્યાનમાં રાખીને જી.એસ.ટી. ઘટાડવાની પહેલ કરી છે તે આવકાર્ય છે.

ઉપરોક્ત જી.એસ.ટી. ઘટાડવા માટેનો શ્રેય કોઇ એક વ્યક્તિને ન આપવો જોઇએ કારણ કે જી.એસ.ટી. કાઉન્સિલમાં બહુમતિ વિપક્ષના રાજ્યોની છે અને તેઓની અનુમતિના કારણે પ્રજાને ઉપરોક્ત લાભ મળેલ છે. સુત્રોના જણાવ્યા અનુસાર GST કાઉન્સિલની બેઠકમાં વિપક્ષી રાજ્યોએ કેન્દ્ર પાસેથી મહેસૂલના રક્ષણ અને ગ્રાહકોનાં હિતોનું રક્ષણ કરવાની માગ કરી છે. વિપક્ષી રાજ્યોનું કહેવું છે કે ઓછા કરનો લાભ લઇને કંપનીઓને નફાખોરી કરવાની મંજૂરી આપવી જોઇએ નહીં. કર કાપનો સંપૂર્ણ લાભ સીધો ગ્રાહકોના ખિસ્સા સુધી પહોંચવો જોઇએ.

ઉપરાંત તેઓ ઇચ્છે છે કે નવા ટેક્સ સ્લેબને કારણે રાજ્યોને થયેલા નુકસાનની ભરપાઇ માટે એક સ્વચ્છ વળતર યોજના બનાવવામાં આવે. કેટલાંક ભાજપ શાસિત રાજ્યોએ પણ આ ફેરફારને કારણે મહેસૂલના નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી છે.

જ્યારે 2017માં GST લાગુ કરવામાં આવ્યો હતો ત્યારે કેન્દ્રએ રાજ્યોને પાંચ વર્ષ માટે મહેસૂલ નુકસાનની ભરપાઇ કરવાનું વચન આપ્યું હતું. આ માટે વૈભવી વસ્તુઓ પર સેસ લાદવામાં આવ્યો હતો, પરંતુ આ સિસ્ટમ જૂન 2022માં સમાપ્ત થઇ ગઇ. હવે વિપક્ષી રાજ્યો ઇચ્છે છે કે 40% વૈભવી કરમાંથી મળેલા પૈસા રાજ્યોની તિજોરીમાં જાય, જેથી તેમની નાણાકીય સ્થિતિ બગડે નહી.

GST કાપનો લાભ જનતાને મળવો જોઇએ, કંપનીઓને નહીં ઉદાહરણ પ્રમાણે પાંચ રૂ. ૫ ના બિસ્કીટ ઉપર ૧૮ ટકા જી.એસ.ટી. પ્રમાણે ૯૦ પૈસા જી.એસ.ટી. લેવાઇ રહ્યો હતો. જી.એસ.ટી. કાપ બાદ તેના પર ૫ ટકા એટલે કે ૨૫ પૈસા જી.એસ.ટી. આવશે. આમ તેનો સીધો ૬૫ પૈસાનો લાભ ઉપભોક્તાને મળવો જોઇએ નહીં કે ઉધોગપતિઓને. ઉપરોક્ત બાબત દરેક જીવન જરૂરિયાતની વસ્તુઓમાં લાગુ પડે અને તેનો ભાવ ઘટે તો જ જી.એસ.ટી. કાપ સાર્થક ગણાશે. સરકારે આ બાબતે મિકેનીઝમ ગોઠવીને અમલવારી કરવી જોઇએ.

પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, મીડીયા કોકન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલ તથા પ્રવક્તા ડૉ. હિરેન બેંકર ઉપસ્થિત રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
મીડિયા કોકન્વીનર અને પ્રવક્તા